# ગાંધીનગરમાં ૯૧ ટકા ઘરો વીજ રોશનીથી ઝળાહળા

સેન્સસ ૨૦૧૧ના આંકડાઓ અનુસાર ગુજરાત રાજ્યના ૯૦ ટકા પરિવારો વીજળી સુવિધા ધરાવતા ઘરમાં રહે છે. બાકીના ૧૦ ટકા પૈકી આઠ ટકા પરિવારોને ઘરમાં કેરોશીનનો ઉપયોગ રોશની માટે કરવો પડે છે જ્યારે બાકીના એક ટકા પરિવારો સૌર ઉર્જા અને અન્ય વિકલ્પનો સહારો લે છે. એક ટકા પરિવાર એવા પણ છે કે તેમના ઘરમાં કોઈપણ પ્રકારની રોશની જ નથી. આવા પરિવારોની સંખ્યા એક લાખ ૧૬ હજાર જેટલી છે. ગુજરાતની સ્થિતિએ ગાંધીનગરની વિગત જોઈએ તો ગાંધીનગરના કુલ ૯૧ ટકા પરિવારો વીજળી સુવિધા ધરાવે છે, જ્યારે ૭ ટકાથી વધુ પરિવારોને કેરોશીનનો ઉપયોગ કરવો પડે છે. ગાંધીનગરના દોઢ ટકા જેટલા પરિવારોના નસીબમાં વીજળી કેરોશીન, સૌર ઉર્જા કે અન્ય કોઈ વિકલ્પનો સહારો ન હોવાથી એમના ઘરમાં રાત અંધારી જ હોય છે.

ગુજરાતની સરખામણીએ ગાંધીનગરની સ્થિતિ પ્રકાશ રહીન ઘરોના સંદર્ભે નબળી છે. પાટનગર હોવા છતાં ગાંધીનગરમાં ૩૭૭૩ પરિવારોના ઘરમાં રાત્રે વીજળી કે દીવાનો પ્રકાશ નથી એની સામે આદિવાસી વિસ્તારમાં પણ સારી સ્થિતિ છે. ગાંધીનગરમાં ગ્રામીણ




**સરકારે હવે જ્યોતિ ગ્રામથી જ્યોતિ પરિવાર સુધી પહોંચવુ જોઈશે**

વિસ્તારમાં આવા પરિવારોની સંખ્યા સ્વાભાવિક રીતે વધુ છે. ગુજરાત વિદ્યુત બોર્ડનું થર્મલ પાવર સ્ટેશન હોવા છતાં 'રોશની'સવલત વિનાના ઘરોની સ્થિતિ ચિંતાજનક છે. મજાની વાત એ પણ છે કે જ્યાં નીતિ નિર્ધારણ નક્કી થાય છે, વિકાસના આયોજનો ઘડાય છે એવા ગાંધીનગર જિલ્લામાં જ આવી સ્થિતિ છે. ગાંધીનગરના જે જીઈબી ગેસ્ટહાઉસમાં ગાંધીનગરની સ્થાપનાની ઈંટ મૂકાઈ હતી એ જ જીઈબી દ્વારા ગાંધીનગરના સંપૂર્ણ વીજળીકરણ થયું નથી એ નોંધવુ પડે.

આ ઉપરાંત બીજી એક બાબત તંત્રએ એ પણ જોવી જોઈએ કે સંપૂર્ણ વીજળીકરણ કરવું એ ગુજરાત વિદ્યુત બોર્ડ માટે સહેલું કાર્ય નથી. અનેક ટેકનિકલ પ્રશ્નો પછી આ કાર્ય જીઈબી કરી શકે એટલે જીઈબીનો જ દોષ કાઢવો સહેજ વ્યાજબી નથી. પણ તંત્રએ એ દિશામાં વિચારવું જોઈએ. કારણકે અનેક અંતરિયાળ અને ભૌગોલિક વિષમતા ધરાવતા વિસ્તારોમાં જ્યાં વીજળી પહોંચાડવું મુશ્કેલ હોય ત્યાં અન્ય વૈકલ્પિક સ્ત્રોત દ્વારા વીજળી ઉપલબ્ધ કરાવવાના પ્રયાસો થયા છે અને એ સફળ પણ થયા છે. જેમકે આદિવાસી વિસ્તારોમાં જ્યાં ઘર સુધી વીજળી પહોંચાડવામાં ખાસી મુસીબત હોય કે ઝડપભેર કામ શક્ય ન હોય તે બાબતને ધ્યાનમાં લઈને સૌર ઉર્જાની સવલત પુરી પાડવામાં આવી છે. દિવસ દરમિયાન સૂર્ય પ્રકાશથી સૌર ફાનસ રિચાર્જ થાય એનો ઉપયોગ રાત્રે ઘરમાં પ્રકાશ પાથરવામાં કામ આવે. આ સૌર ફાનસ વસાવવા માટે ખાસ સબસિડી આપી છે. આદિવાસી વિસ્તારમાં ઘરે ઘરે રાતના સમયે રોશની પ્રગટાવવા માટેનો આ પ્રયાસ ખૂબ જ સફળ થયો છે ત્યારે સૌર ફાનસ થકી જ્યાં વીજળી ન પહોંચી હોય તેવા પરિવારોને વીજળી આપવા માટે આવું કામ હાથ ધરવા જેવું ખરૂ. આજથી ૧૪ વર્ષ પહેલા સરકારે ઘર વપરાશની વીજળી અને કૃષિક્ષેત્રની વીજળીના ફિડરો અલગ કર્યા હતા અને જ્યોતિગ્રામ યોજના સફળ બની હતી. હવે એમાં થોડા પરિવાર સાથે સરકારે જ્યોતિ ગ્રામથી જ્યોતિ પરિવાર સુધી પહોંચવું જ રહ્યું.

# જિલ્લામાં ઉનાળુ વાવેતર માટે ખેડૂતો ઉત્સાહમાં નથી

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં ઉનાળુ વાવેતર પાણીની ખેંચને પગલે ઘટવાના એંધાણ મળી રહ્યા છે. ગત વર્ષની તુલનામાં સાત હજાર હેક્ટર ઓછુ થયું છે. જો કે હવે વધુ વાવણીની શક્યતાઓ નહિવત્ હોવાનું મનાઈ રહ્યું છે.

જિલ્લામાં રોકડિયા પાક તરીકે ઓળખાતા શાકભાજીના પાકોના વિસ્તારમાં ઘટાડો જોવા મળી રહ્યો છે તો જિલ્લાના મુખ્ય પાક ગણાતા બાજરીના પાકમાં પણ ૪૦ ટકાથી વધુનો ઘટાડો વાવેતરમાં જોવા મળી રહ્યો છે.

ગત વર્ષે મગફળીનું વાવેતર નોંધપાત્ર હતુ જ્યારે આ વર્ષે અત્યાર સુધીમાં ૨૬ હેક્ટર વિસ્તારમાં જ ઉનાળુ મગફળીનું વાવેતર થવા પામ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૯૫૯૪ હેક્ટરમાં વાવેતર થયુ છે જેમાં ૧૦,૭૮૪ હેક્ટરમાં માત્ર ઘાસચારાના પાકનું વાવેતર નોંધાયુ છે. શાકભાજીના પાકોનું વાવેતર ૩૭૦૦ હેક્ટર તો બાજરીનું વાવેતર માત્ર ૪૯૯૫ હેક્ટર નોંધાયુ છે.

તલ, ડુંગળી, મકાઈ, અડદના પાકોનું વાવેતર જિલ્લામાં હજુ સુધી થયુ જ નથી. જિલ્લામાં પાણીની અછત વર્તાઈ રહી છે તેથી ખેડૂતો બહુ વાવેતર કરવાના મૂડમાં નથી. ભૂગર્ભ જળ સતત નીચે જઈ રહ્યો છે તો તળાવો પણ સુકાઈ રહ્યા છે ત્યારે ખેડૂત મૂંગા પશુધન માટે ઘાસચારાના વાવેતર તરફ વધુ ઝુકાવ રાખી રહ્યો છે.

# પાટણ બેઠક પર સંસદીય સચિવ ભરતસિંહ ડાભીની પસંદગી

**ઉત્તર ગુજરાતની બે બેઠકો પર રૂપાણી સરકારના સભ્યોની પસંદગીથી ઉ. ગુજરાતનુ રાજકારણ વધુ ગરમાયુ**

ગાંધીનગર, તા. ૩૧

રૂપાણી સરકારના રાજ્ય મંત્રી પરબતભાઈ પટેલને લોકસભાના જંગમાં ઉતારવાના નિર્ણય પછી પાટણની બેઠકમાં રૂપાણી સરકારના સંસદીય સચિવ ભરતસિંહ ડાભી (ઠાકોર)ને મેદાનમાં ઉતારવાનો નિર્ણય ભાજપે કર્યો છે.

પાટણની બેઠક પર પૂર્વમંત્રી અને વર્તમાન સાંસદ લીલાધર વાઘેલાની ટિકિટ કાપવાના નિર્ણય પછી પૂર્વમંત્રી સ્વ. શંકરજી ઠાકોરના પુત્ર અને હાલ સરકારમાં સંસદીય

● અનુસંધાન પાન-૭ પર



આજે સાંજે ''મૈં ભી ચોકીદાર'' કેમ્પેઈનને સઘન બનાવવા વડાપ્રધાન અને ભાજપના રાષ્ટ્રીય નેતા નરેન્દ્રભાઈ મોદીએ વિડીયો કોન્ફરન્સ થકી દેશભરમાં સંબોધન કર્યુ હતુ. ગાંધીનગર વિધાનસભાના ભાજપના ચૂંટણી કાર્યાલય ખાતે ૩૦૦થી વધુ કાર્યકરોએ આ પ્રવચન સાંભળી અને વિડીયો કોન્ફરન્સમાં ભાગ લીધો હતો તેની તસવીર.

**ગાંધીનગર બેઠક પર બે દિગ્ગજ નેતાઓ વચ્ચે જંગ ખેલાશે**

# અમિત શાહની સામે શંકરસિંહ વાઘેલાને ચૂંટણી જંગમાં ઉતારાશે

**દિલ્હી ખાતે ચાલેલી મેરેથોન મીટીંગ બાદ મોડી સાંજે લેવાયો નિર્ણય : મહા ગઠબંધનના ઉમેદવાર તરીકે 'બાપુ' અમિત શાહને ટક્કર આપશે : મંગળવારે ૧૨.૩૯ વિજય મુહૂર્તમાં 'બાપુ' ગાંધીનગર કલેક્ટર કચેરી ખાતે ઉમેદવારી નોંધાવશે**



ગાંધીનગર, એપ્રીલ-૧

લોકસભા ચૂંટણી માથે છે ત્યારે સત્તાધારી પક્ષ અને વિપક્ષ તબક્કાવાર ઉમેદવારોની યાદી જાહેર કરી રહ્યા છે. ગાંધીનગર બેઠક પર ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ચૂંટણી લડવા ઉમેદવારી ફોર્મ પણ ભરી દીધુ છે ત્યારે તેમની સામે કોઈ દિગ્ગજ નેતાને ચૂંટણી લડાવવા મોટા ગજાના ઉમેદવારની જાહેરાત કરવા વિચારણા ચાલી રહી હતી. ગઈકાલે મોડી સાંજે દિલ્હી ખાતે યોજાયેલી મહાગઠબંધનના દિગ્ગજ નેતાઓની મેરેથોન મીટીંગમાં ગાંધીનગરની બેઠકમાં અમિત શાહની સામે કોને લડાવવા તેનો નિર્ણય લેવાઈ ગયો છે.

ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને પીઢ રાજકારણી શંકરસિંહ વાઘેલા (બાપુ)ને મહા ગઠબંધનના ઉમેદવાર તરીકે અમિત શાહની સામે ચૂંટણીજંગમાં ઉતારવાનો નિર્ણય લેવાઈ ગયો છે. અમિત શાહ અને શંકરસિંહ વાઘેલા વચ્ચે ખરાખરીનો જંગ જામશે તે વાતમાં બે મત નથી. કેમ કે એવુ કહેવાય છે કે અમિત શાહ રાજકારણ જ્યારે શીખતા હતા ત્યારે શંકરસિંહ રાજકારણના અનેક ખેલ ખેલી ચુક્યા હતાં. શંકરસિંહ વાઘેલાએ અમિત શાહને ટક્કર આપવા માઈક્રો પ્લાનીંગ કર્યુ છે. સોશ્યલ મીડીયા કેમ્પેઈન માટે પોતાની ટીમો તૈયાર કરવા ઉપરાંત ગાંધીનગર બેઠક મત વિસ્તારમાં સક્રીય વિવિધ સામાજીક આગેવાનોની યાદી બનાવવા પોતાની ટીમને બાપુએ સક્રીય કરી દીધી હોવાનું જાણવા મળ્યુ છે. વન ટુ વન બેઠકો કરીને તેમના વિસ્તારની સમસ્યાઓ અને ઉકેલ અંગે ચર્ચા કરવાની તેમની તૈયારીઓ છે. સુત્ર પાસેથી મળતી માહિતી મુજબ ગઈકાલે મોડી સાંજે દિલ્હી ખાતે યોજાયેલી મેરેથોન બેઠકમાં ખુબજ વિચારણાને અંતે અમિત શાહની સામે બાપુને મેદાનમાં ઉતારવાનો નિર્ણય લેવાયો છે. મહાગંઠબંધનના ઉમેદવાર તરીકે ચૂંટણી લડવા શંકરસિંહ વાઘેલાએ પ્રારંભિક તબક્કે ઈન્કાર કર્યો હતો. જોકે ભારે સમજાવટને અંતે શંકરસિંહે પોતાનો મત ફેરવીને ગાંધીનગર બેઠક પર લડવા તૈયારી દર્શાવી હોવાનું જાણવા મળ્યુ છે. શંકરસિંહના આ નિર્ણયથી ગાંધીનગર બેઠકની ચૂંટણી માટેનો માહોલ ગરમાયો છે. મંગળવારે સવારે શંકરસિંહ વાઘેલા હજ્જારોની સંખ્યામાં પોતાના સમર્થકો સાથે રેલી સ્વરૂપે નીકળી શક્તિ પ્રદર્શન કરશે અને ત્યાર બાદ બપોરે ૧૨.૩૯ના વિજય મુહૂર્તે શંકરસિંહ વાઘેલા ગાંધીનગર કલેક્ટર કચેરી ખાતે પહોંચીને લોકસભા ચૂંટણીની ઉમેદવારી નોંધાવશે. તો બીજી તરફ ભાજપના કેટલાક દિગ્ગજ નેતાઓને બાપુને મનાવવા અને ઉમેદવારી નહી નોંધાવવાની સમજાવટ માટે ટાસ્ક આપી દેવાયુ હોવાનું પણ જાણવા મળ્યુ છે.



લીલી દ્રાક્ષ - ઉનાળાનો આરંભ થતાં જ બજારમાં વિવિધ પ્રકારના ફળોનું આગમન થઈ જાય છે... એ તરબૂચ હોય, લીલી દ્રાક્ષ હોય કે નારંગી-મોસંબી હોય... ઉનાળામાં ખાસ કરીને તરબૂચ અને દ્રાક્ષનો વિશેષ મહિમા રહેલો છે... શરીરમાં પાણીનું પ્રમાણ જળવાઈ રહે તે માટે દ્રાક્ષ અને તરબૂચ ખૂબ ઉપયોગી છે... અને આ બંને ફળ બજારમાં આવી ગયા છે... અને હવે કેરીની રાહ જોવાઈ રહી છે...

# ભાજપના વધુ ૪ ઉમેદવાર જાહેર

**ગુજરાતમાં ત્રણ ઉમદેવારના નામ બાકી : જૂનાગઢમાંથી રાજેશ ચુડાસમા, આણંદથી દિલીપ પટેલ, પાટણથી ભરતસિંહ ડાભી અને છોટા ઉદેપુર ગીતાબહેન**

અમદાવાદ,તા. ૩૧

ભાજપ દ્વારા આજે ગુજરાતની વધુ ચાર બેઠક પર તેના ઉમેદવારના નામોની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં જૂનાગઢથી રાજેશ ચુડાસમા, આણંદથી દિલીપ પટેલ, પાટણથી ભરતસિંહ ડાભી અને છોટા ઉદેપુર ગીતાબહેન રાઠવાને ટિકિટ અપાઈ છે. જો કે, ભાજપે ચાર પૈકીની ત્રણ બેઠક પર નો રિપીટ થિયરી અપનાવી છે અને જૂનાગઢની એક બેઠક પર રાજેશ ચુડાસમાને રિપીટ કર્યા છે. આમ, ભાજપે ગુજરાત લોકસભાની ૨૬ બેઠકો પૈકી ૨૩ ઉમેદવારોના નામો જાહેર કરી દીધા છે હવે માત્ર ત્રણ ઉમેદવારોના નામો જ બાકી છે. ભાજપ દ્વારા આજે વધુ ચાર ઉમેદવારોના નામોની ઘોષણા કરવામાં આવી હતી. જેમાં જૂનાગઢ બેઠક પર રાજેશ ચુડાસમાને રિપીટ કરાયા છે જ્યારે આણંદ, પાટણ અને છોટાઉદેપુર નવા ઉમેદવારો જાહેર કર્યા છે. ગુજરાતની ૨૬માંથી માત્ર ૩ બેઠકો પર ઉમેદવારો જાહેર હજુ થવાના બાકી છે. જે ૩ બેઠકો પર ઉમેદવારો જાહેર થયા નથી આ ત્રણેય બેઠક પાટીદારોના પ્રભુત્વવાળી બેઠકો છે, તેથી ત્યાં ભાજપ બહુ વિચારીને નિર્ણય લેવામાં માને છે. આ સાથે ભાજપે ગુજરાત વિધાનસભાની પેટાચૂંટણી માટે તાલાલા બેઠક પરથી જશાભાઈ બારડનું નામ જાહેર કર્યુ છે. આ બેઠક પર કોંગ્રેસના ધારાસભ્ય ભગવાન બારડ ધારાસભ્ય પદે ગેરલાયક ઠરતા ચૂંટણી યોજાઈ રહી છે. તાલાલા બેઠક પર લોકસભાની સાથે જ ચૂંટણી યોજાશે.

આણંદ લોકસભામાં ભાજપના ઉમેદવાર તરીકે મિતેશ પટેલ(બકાભાઈ)ને ટિકિટ અપાતા આણંદથી દિલીપ પટેલનું પત્તું કપાયું છે. ભરતસિંહ ડાભી પાટણ લોકસભાના ભાજપના ઉમેદવાર તરીકે પસંદગી થતાં લીલાધર વાઘેલાનું પત્તું કપાયું છે. જૂનાગઢથી ભાજપના રાજેશ ચુડાસમાને રિપીટ કરાયા છે, ભાજપમાં છોટા ઉદેપુર બેઠક પર ગીતાબેન રાઠવાને ટિકિટ આપવામાં આવી છે. છોટા ઉદેપુરથી રામસિંહ રાઠવાનું પત્તું કપાયું છે. તાલાલામાં ભાજપના જશા બારડને ટિકિટ મળી છે

# એહમદ પટેલ ભરૂચથી ચૂંટણી લડે તેવી શક્યતા

**એહમદ પટેલ ચૂંટણી લડે તો કોંગ્રેસને ફાયદો : એહમદ પટેલના ચૂંટણી લડવા અંગે રાહુલ ગાંધીની સાથે ચર્ચા બાદ નિર્ણય લેવાય તેવી શક્યતા**



અમદાવાદ,તા.૩૧

કોંગ્રેસના પીઢ નેતા, રાજ્યસભાના સાંસદ અને સોનિયા ગાંધીના અતિ વિશ્વાસુ કહેવાતા અહેમદ પટેલ ભરૂચ બેઠક પરથી ચૂંટણી લડી શકે તેવી શકયતાઓ બળવત્તર બની છે. જો એહમદ પટેલ આ વખતે લોકસભા ચૂંટણી લડે તો, કોંગ્રેસને મોટો ફાયદો થાય તેવું મનાઈ રહ્યું છે. જો કે, એહમદ પટેલના ચૂંટણી લડવા અંગે રાહુલ ગાંધીની સાથે ચર્ચા બાદ નિર્ણય લેવાવાની શકયતા છે. કોંગ્રેસના બહુ મોટા ગજાના અને રાષ્ટ્રીય નેતા એહમદ પટેલને ખુદ ગુજરાત કોંગ્રેસ પ્રભારી રાજીવ સાતવે ભરૂચમાંથી ચૂંટણી લડવા માટે વિનંતી કરી છે. જો આવું થશે તો ગુજરાતમાં કોંગ્રેસને ફાયદો થશે તેવું માનવામાં આવી રહ્યું છે. અલબત્ત, અહેમદ પટેલ રાહુલ ગાંધી સાથે આ બાબતે ચર્ચા કર્યા બાદ કોઈ અંતિમ નિર્ણય લેશે. ગુજરાતમાં ચૂંટણી માટે ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૪ એપ્રિલ હોવાથી આ બાબતે એક કે બે દિવસમાં નિર્ણય લેવાશે તેવું જાણવા મળી રહ્યું છે. અહેમદ પટેલ હાલ ગુજરાત બેઠક પરથી રાજ્યસભામાં સાંસદ છે. અહેમદ પટેલ ત્રણ વખત ભરૂચ બેઠક પરથી સાંસદ તરીકે ચૂંટાઈ આવ્યા છે. તેઓ વર્ષ ૧૯૭૭, ૧૯૮૦ અને ૧૯૮૪માં ભરૂચ બેઠક પરથી સાંસદ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. ૧૯૮૯ પછી ભરૂચ બેઠક પરથી સતત બીજેપીના ઉમેદવાર ચૂંટાતા આવ્યા છે. હાલ આ બેઠક પરથી બીજેપીના મનસુખભાઈ વસાવા સાંસદ છે. તેઓ ભરૂચ બેઠક પર યોજાયેલી છેલ્લી પાંચ ચૂંટણી-પેટા ચૂંટણીમાં ભાજપની ટિકિટ પરથી ચૂંટાઈ આવ્યા છે. આ રીતે ભરૂચ બેઠકને ભાજપનો ગઢ માનવામાં આવે છે. જો કે, કોંગ્રેસ આ બેઠક પરથી અહેમદ પટેલને ઉતારીને ફાયદો ઉઠાવવા માંગે છે. કારણ કે, એહમદ પટેલનું આ સમગ્ર વિસ્તારમાં સારું એવું વર્ચસ્વ અને લોકપ્રિયતા છે., જેનો સીધો ફાયદો પરિણામમાં કોંગ્રેસને થાય તેમ છે. અહેમદ પટેલ ભરૂચથી ચૂંટણી લડશે તો કોંગ્રેસમાં ઉર્જા આવશે.

**શ્રી કાંઠા જિલ્લા મોદી સમાજ બેસણું**



અમારા પૂજ્ય માતૃશ્રી **ચંપાબેન છોટાલાલ મોદી** (૯૧ વર્ષ) તા.૩૧-૩-૨૦૧૯ને રવિવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્દગતનું બેસણું તા.૨-૪-૧૯ને મંગળવારના રોજ બપારે ૧:૦૦ થી ૪:૦૦** કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : શ્રી મોઢેશ્વરી મોદી સમાજ ભવન, પેથાપુર-રાંધેજા રોડ, પેથાપુર, ગાંધીનગર

સ્વ. છોટાલાલ માણેકલાલ મોદી
સ્વ. બાબુલાલ માણેકલાલ મોદી
રસીકલાલ માણેકલાલ મોદી
રોનક જશવંતલાલ મોદી
હેમાંગ જશવંતલાલ મોદી
જયંતીલાલ છોટાલાલ મોદી
જશવંતલાલ છોટાલાલ મોદી
હાર્દિક જયંતીલાલ મોદી
ડો. નિખિલ જયંતીલાલ મોદી
(માણેકલાલ કચરાલાલ મોદી પરિવાર, પેથાપુર)

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે
સ્વ. શીવરાંમ મગનલાલ મોદી પરિવાર, ઈલોલ ● સ્વ. નાથાલાલ લલ્લુરાંમ મોદી પરિવાર, ઈલોલ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com